# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં પુણેમાં ગૃહ મંત્રાલયની પશ્ચિમ ક્ષેત્રીય પરિષદની 27મી બેઠક શરૂ

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીમાં પુસા કૃષિ વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન કર્યું.

3) કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અમલ દ્વારા ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવી શકાશે.

4) ભારત અને પાકિસ્તાન સેનાના પ્રતિનિધિઓ ફેબ્રુઆરી 2021ના યુદ્ધવિરામ કરારને જાળવી રાખવા સંમત થયા

5) મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, આજે બેંગલુરુમાં યુપી વોરિયર્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH PUNE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે પુણેમાં ગૃહ મંત્રાલયની પશ્ચિમ ક્ષેત્રીય પરિષદની 27મી બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ પરિષદમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવા રાજ્યોના મુખ્યમંત્રીઓ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ મંત્રીઓ, વહીવટકર્તાઓ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

ગૃહમંત્રી જનતા સહકારી બેંકના પ્લેટિનમ જ્યુબિલી વર્ષના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે અને પુણે જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજનાના બીજા તબક્કાના લાભાર્થીઓને સ્વીકૃતિ પત્રોનું વિતરણ પણ કરશે. આ પ્રસંગે, રાજ્યના 10 લાખ લાભાર્થીઓને આ યોજનાનો પ્રથમ હપ્તો પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અજિત પવાર સહિત અન્ય મહાનુભવો ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . .

# VP-CHHATRAPATI SAMBHAJINAGAR

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરની એક દિવસની મુલાકાતે જશે. તેઓ છત્રપતિ સંભાજીનગરમાં બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટીના 65મા દીક્ષાંત સમારોહની અધ્યક્ષતા કરશે. શ્રી ધનખર સરસ્વતી ભુવન કોલેજ ખાતે બંધારણ જાગૃતિ વર્ષ અને અમૃત મહોત્સવનું ઉદ્ઘાટન પણ કરશે.

. . . . . . . . . . . . . . . .

# KRISHI VIGYAN MELA

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં પુસા કૃષિ વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન કર્યું. આ ત્રણ દિવસીય મેળાની વિષયવસ્તુ ઉન્નત કૃષિ-વિકસિત ભારત છે. ખેડૂતોને ખેતીનો આત્મા ગણાવતા શ્રી ચૌહાણે આ મુજબ જણાવ્યું.

## (બાઇટ: શિવરાજસિંહ ચૌહાણ – કેન્દ્રીય કૃષિ મંત્રી)

કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્યમંત્રી રામનાથ ઠાકુર અને ભગીરથ ચૌધરી 24 ફેબ્રુઆરીના રોજ સમાપન સત્રમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ વર્ષે કૃષિ વિજ્ઞાન મેળાના મુખ્ય આકર્ષણો ભારતીય કૃષિ સંશોધન સંસ્થા દ્વારા વિકસિત અત્યાધુનિક જાતો અને ટેકનોલોજીઓનું લાઇવ પ્રદર્શન છે. મુલાકાતીઓને ભારતીય કૃષિ સંશોધન સંસ્થા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટ-અપ્સ તરફથી આશાસ્પદ ટેકનોલોજીઓ, ઉત્પાદનો અને સેવાઓ દર્શાવતા પ્રદર્શનોનું અન્વેષણ કરવાની તક પણ મળશે.

. . . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - SRN HOSPITAL

(મહાકુંભ મ્યુઝિક)

આગામી 26 ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રીને ધ્યાનમાં રાખીને, પ્રયાગરાજની સ્વરૂપ રાણી નહેરુ હોસ્પિટલના ઇન્ટેન્સિવ કેર યુનિટ-ICUમાં પથારીની સંખ્યા વધારીને 147 કરવામાં આવી છે. મહાકુંભ અંતિમ તબક્કામાં છે અને આ સમયગાળા દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો આવવાની સંભાવના છે. હોસ્પિટલમાં અન્ય કટોકટીની તબીબી સુવિધાઓ પણ વધારવામાં આવી છે. મહાકુંભ દરમિયાન સમયસર તબીબી સુવિધાઓ પૂરી પાડવા માટે ઉત્તર પ્રદેશ સરકારે આ પહેલ કરી છે.

(મહાકુંભ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PM- MAURITIUS GUEST OF HONOUR

મોરેશિયસના 57મા રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

મોરેશિયસના પ્રધાનમંત્રી નવીન રામગુલામે સંસદને સંબોધન કરતી વખતે આ જાહેરાત કરી. શ્રી રામગુલામે કહ્યું કે, મોરેશિયસ માટે આવા પ્રતિષ્ઠિત વ્યક્તિત્વનું સ્વાગત કરવું એ એક સૌભાગ્યની વાત છે, તેમણે ભારત અને મોરેશિયસ વચ્ચેના મજબૂત અને સ્થાયી સંબંધો પર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . .

# MORN. RBI-PENALTY

ભારતીય રિઝર્વ બેન્કે લોન માહિતી કંપનીઓને કલોન માહિતી પૂરી પાડવા સંબંધિત ચોક્કસ દિશાનિર્દેશોનું પાલન ન કરવા બદલ સિટી બેંક પર 29 લાખ રૂપિયાનો નાણાકીય દંડ ફટકાર્યો છે.

બેંકે ગઈકાલે આશીર્વાદ માઈક્રો ફાઇનાન્સ લિમિટેડ પર 6 લાખ 20 હજાર રૂપિયાનો નાણાકીય દંડ પણ ફટકાર્યો હતો. કંપનીએ ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓને કેટલાક દેવાદારોની ઘરગથ્થુ આવકની માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ રહી હતી. જેએમ ફાઇનાન્શિયલ હોમ લોન લિમિટેડ પર 1 લાખ 50 હજાર રૂપિયાનો નાણાકીય દંડ લાદવામાં આવ્યો છે.

કંપની વિવિધ શ્રેણીના દેવાદારો પાસેથી અલગ અલગ વ્યાજ દર વસૂલવા પાછળના કારણો આપવામાં નિષ્ફળ રહી હતી. રિઝર્વ બેંકે કહ્યું કે, નિયમનકારી પાલનમાં ખામીઓના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. તેનો હેતુ કંપની દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈપણ વ્યવહાર અથવા કરારની માન્યતાને અસર કરવાનો નથી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PRADHAN-DU CONVOCATION

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ભારપૂર્વક જણાવ્યું છે કે ભારતને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે એક નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની કલ્પના કરવામાં આવી છે. આજે નવી દિલ્હીમાં, દિલ્હી યુનિવર્સિટીના 101મા દીક્ષાંત સમારોહને સંબોધતા, શ્રી પ્રધાને ભાર મૂક્યો હતો કે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવું એ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અમલીકરણ દ્વારા શક્ય છે. તેમણે વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકાસ ભારતના વિઝનને આગળ વધારવા અપીલ કરી.

તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અમલીકરણ માટે દિલ્હી યુનિવર્સિટીની પ્રશંસા કરી, આશા વ્યક્ત કરી કે તે આગામી વર્ષોમાં દિલ્હીને જ્ઞાન કેન્દ્ર બનાવવામાં આગેવાની લેશે. શ્રી પ્રધાને એ પણ ઉલ્લેખ કર્યો કે દિલ્હી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ વિકસાવેલા સામાજિક કૌશલ્યો ભવિષ્યમાં તેમના માટે લાભ દાયક નીવડશે.

. . . . . . . . . . . . . . .

# INDIA- PAK- CEASEFIRE AGREEMNET

જમ્મુ અને કાશ્મીરમાં ભારત અને પાકિસ્તાન સેનાના પ્રતિનિધિઓ ફેબ્રુઆરી 2021 ના યુદ્ધવિરામ કરારને જાળવી રાખવા અને ભવિષ્યમાં ગેરસમજ અટકાવવા માટે પગલાં શોધવા સંમત થયા છે.

નિયંત્રણ રેખા LOC અને આંતરરાષ્ટ્રીય સરહદ પર તાજેતરના અથડામણો અને IED ઘટનાઓ પછી તણાવ ઓછો કરવા માટે બંને દેશોના બ્રિગેડ કમાન્ડરોએ પૂંછ જિલ્લામાં ફ્લેગ મીટિંગ યોજી હતી. 25 ફેબ્રુઆરી, 2021 ના રોજ નવીકરણ કરાયેલ યુદ્ધવિરામ કરારને જાળવી રાખવા સંમત થવા ઉપરાંત, બ્રિગેડ કમાન્ડરો તણાવ ઓછો કરવા માટે સ્થાપિત સંચાર ચેનલોનો ઉપયોગ કરવા પર પણ સંમત થયા હતા.

બંને પક્ષોએ સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવા માટે યુદ્ધવિરામ કરારના મહત્વ પર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની આ 119મી કડી  હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં

આવશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . .

## DELHI POLICE - WALKATHON

નશીલા પદાર્થોના દુરુપયોગ સામે એક થવા અને સ્વસ્થ અને ડ્રગ મુક્ત દિલ્હીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી, દિલ્હી પોલીસ સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે વોકેથોનનું આયોજન કરાયું. જેને દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરા, ઓલિમ્પિક રજત ચંદ્રક વિજેતા રવિ કુમાર દહિયા અને અર્જુન પુરસ્કાર વિજેતા અને કુસ્તી ચેમ્પિયન સરિતા મોરેએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું.

આ વોકેથોનનું આયોજન કર્તવ્ય પથ, ઇન્ડિયા ગેટ ખાતે કરવામાં આવ્યું હતું. પત્રકારો સાથે વાત કરતા, રવિ કુમાર દહિયાએ દરેકને નશીલા પદાર્થોથી દૂર રહેવા આગ્રહ કર્યો.

. . . . . . . . . . . . . . . .

## WPL-CRICKET

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, યુપી વોરિયર્સ આજે સાંજે બેંગલુરુમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. સાંજે સાડા સાત વાગ્યાથી મુકાબલો શરૂ થશે.

દીપ્તિ શર્માના નેતૃત્વમાં યુપી વોરિયર્સે અત્યાર સુધી કોઈ મેચ જીતી નથી. બીજી તરફ, દિલ્હી કેપિટલ્સે 3 માંથી 2 મેચ જીતી છે.

ગઈકાલે બેંગલુરુમાં મુંબઈ ઈન્ડિયન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 4 વિકેટે હરાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સે 168 રનનો લક્ષ્યાંક 19 ઓવર અને 5 બોલમાં 6 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો.

. . . . . . . . . . . . . . . .